૫૨૦૪

ખેડા જીલ્લાની ભૂગોળનો
પરશ્નોત્તર સાર.

છપાવનાર.

ત્રીકમલાલ રણછોડદાસ નડીઆદ

પ્રાઇવેટ બુક ડીપોકીપર.

નડીઆદ સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૯. સને ૧૮૯૨.

કીમત ૦—૦—૬

૫૨૦૪

ખેડા જીલ્લાની ભૂગોળનો પ્રશ્નોત્તર સાર.

પ્ર૦ દિશાઓ કેટલી છે ને તે કઇ કઇ?

ઉ૦ ચાર છે ઉત્તર, દક્ષિણ. પૂર્વ, પશ્ચિમ.

પ્ર૦ એ ચાર દિશાનું વર્ણન કરો?

ઉ૦ જેણીગમ સૂર્ય સવારમાં ઉગતો જણાય તેને પૂર્વ; અને જે તરફ સાંજરે સૂર્ય આથમતો જણાય તેને પશ્ચિમ. પૂર્વ દિશાભણી મોં કરી ઉભા રહીયે તો જમણા હાથ તરફ દક્ષિણ; ને ડાબા હાથ તરફ ઉત્તર દિશા આવે છે. પૂર્વની સામે પશ્ચિમ અને ઉત્તરની સામે દક્ષિણ દિશાછે એમ સમજવું.

પ્ર૦ ખુણા કેટલા અને કયા કયાછે અને તે દરેક ખુણો કઇ કઈ દિશા વચ્ચે આવ્યો તે કહો?

ઉ૦ ચાર છે. ઇશાન, અગ્નિ, નૈરૂત્ય , વાયવ્ય. પૂર્વ ને ઉત્તર વચ્ચે ઈશાન. પૂર્વ અને દક્ષિણ વચ્ચે અગ્નિ. પશ્ચિમ અને ઉત્તર વચ્ચે વાયવ્ય, પશ્ચિમનેદક્ષિણ વચ્ચે નૈરૂત્ય.

પ્ર૦ સૂર્ય ન દેખાય ત્યારે દિશા શી રીતે જાણવી?

ઉ૦ હોકાયંત્રથી કે ધ્રુવના તારા ઉપરથી માછલી એટલે હોકાયંત્રમાં ધ્રુવના તારા તરફ એટલે ઉત્તર દક્ષિણ રહે છે. તથા ઉત્તર ધ્રુવનો તારો ઉત્તર તરફ અને દક્ષિણ ધ્રુવનો તારો દક્ષિણમાં ઉગે છે.

પ્ર૦ નકશાની દિશાઓ શી રીતે સમજી શકાય?

ઉ૦ નકશા સામુ મોં કરીને ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર દિશા, પગ ભાણીની દક્ષિણ દિશા, જમણા હાથ તરફ પૂર્વ ને ડાબા હાથ તરફ પશ્ચિમ.

પ્ર૦ નકશો એટલે શું?

ઉ૦ ગામ, શહેર, જીલ્લા, પ્રગણાં, દેશ, ખંડ વગેરેનો આકાર પાડેલો હોય તે.

પ્ર૦ ગામ, શહેર, જીલ્લા, પ્રગણાં, કસ્બો એની વ્યાખ્યા આપો?

ઉ૦ ગામ-જેમાં થોડાં ઘર હોય, શેહેર-જેની અંદર મોટાં ઘર ઓળબંધ હોય ને બજાર હોય. જીલ્લા-જેમાં તાલુકા અથવા પ્રગણાં મળીને જે ભાગ થાય. તેને (એનો વહીવટ મામલતદાર કરેછે.)

કસ્બો—જેમાં ગામડા કરતાં વધારે ઘરો હોય તેને.

પ્ર૦ બંદર, નદી, પર્વત સંસ્થાન, તળાવ, અખાત વિગેરૈની વ્યાખ્યા આપો?

ઉ૦ બંદર—જે શહેર નદી કે દરિઆના કિનારા ઉપર હોય ને જ્યાં વહાણથી વેપાર ચાલતો હોય. નદી—મીઠા પાણીનો રેલો પર્વતમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઇને સમુદ્રને મળે તે.

પર્વત-જમીન ઉપર ઉંચા ટેકરા હોય તેને ડુંગર કહે છે, એ ડુંગરાઓ વધીને ઘણા ગાઉ સુધી ગએલા હોય તેને પર્વત કહેછે. સંસ્થાન દેશી રાજનું મોટું એક રાજ્ય હોય તેને. તળાવ જે પાણીની ચારે બાજુએ જમીન હોય તેને. એથી મોટાને સરોવર કહે છે. અખાત—સમુદ્રનો ફાંટો ઘણા ગાઉ સુધી જમીનપર ગએલો હોય તેને.

પ્ર૦ તાલુકામાં કયા કયા અમલદારો હોય છે અને તે દરેક શું કામ કરે છે, તે કહો?

ઉ૦ મામલતદાર, ફોજદાર. મુનસફ, મામલતદાર—તાલુકાની ઉપજ વસુલ કરેછે તથા હલકા ગુન્હાનો ઇનસાફ કરે. ફોજદાર—ખુન, ધાડ, મારામારી, ચોરી વિગેરેનો બંદોબસ્ત રાખે. મુનસફ—લેણદેણનાં દીવાની કામો ચુકવે.

પ્ર૦ ખેડા જીલ્લાની ચારે તરફની હદ કહો?

ઉ૦ ઉત્તરે-અમદાવાદ જીલ્લો, ગાયકવાડનો મુલક અને વાડાસીનોરનું નાનું રાજ્ય; પૂર્વે—મહી નદી, પંચમહાલ જીલ્લો અને ગાયકવાડનો મુલક; પશ્ચિમે-ખંભાતનુ સ-સ્થાન તથા અમદાવાદ જીલ્લો; દક્ષિણે-મહી નદી, પંચ-મહાલ જીલ્લો, ગાયકવાડનો મુલક તથા ભરૂચ જીલ્લો છે.

પ્ર૦ ખેડા જીલ્લામાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ મહી, શેઢી વાત્રક, મેસ્વો, મહોર, ખારી વરાંસી, લુણી અને ગળતી.

પ્ર૦ એ દરેક નદીઓ ક્યાંથી નીકળી કયા કયા તાલુકામાં વહી અને કોને મળેછે. અને તેના ઉપરનાં મોટાં ગામ કહો?

ઉ૦ મહી-માળવાના ડુંગરમાંથી નીકળી ઠાસરા, આણંદ, બોરસદ એ તાલુકામાં વહી ખંભાતના અખાતને મળેછે એના ઉપરનાં ગામ-જનોડ, વનોડ, સોનીપુર, પાલી, ખાખરીઆ, રાણીઆ જેસાપુર, સંદલપુર, સીલી, પરતાપપુર, ખાનપુર, ખેરડા, વહેરાખાડી, વાસદ, કહાનવાડી, ઉમેટા, સંખીઆડ, ગાજણાં, દહેવાણ, ખંભાત.

શેઢી—લુંણાવાડા ડુંગરમાંથી નીકળી ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ તાલુકામાં વહી ખેડા આગળ વાત્રકને મળેછે. એના ઉપરનાં ગામ-ડાકોર, હીરંજ, સોડપુર, વીણા, લાથજ, બીલોદરા, ખેડા.

વાત્રક—ડુંગરપુર પાસેથી નીકળી કપડવણજ, મહેમદાવાદ, માતર વગેરે તાલુકામાં વહી પાલ્લા આગળ સાબરમતીને મળે છે. એના ઉપરનાં ગામ-અપરૂજી, રવદાવત, કાકરખાડ, સરખેજ, રતનપુર, હળદરવાસ, ઘોડાસર, માંકવા, મોદજ, સરસવણી, ખેડા, વાસણા, બુજર્ગ, કોશીઅલ, મહેળજ, વારસંગ, પાલ્લા.

મેશ્વો—અમદાવવાદ જીલ્લામાં નીકળી મેહેમદાવાદ તાલુકામાં વહી વાત્રકને મળે છે. એના ઉપર કનીજ, સાંખેજ, મલાતજ, સમાદ્રા.

મોહોર—કપડવણજ તાલુકામાંથી નીકળી કપડવણજ તથા નડીઆદ તાલૂકામાં વહી શેઢીને મળે છે એના ઉપરનાં ગામ-કપડવણજ, ભાટેરા, કઠલાલ, ખડોલનાની, તોરણીઆ, સાસ્તાપુર.

ખારી-એ અમદાવાદ જીલ્લામાંથી નીકળી મહેમદાવાદ

તથા માતર તાલુકામાં વહી સાબરમતીને મળેછે એના ઉ-
પર નવાગામ, નાયકા.

વરાંસી—કપડવણજ આગળ મોહારને મળેછે.

લુણી—અરજનકોટ આગળ શેઢીને મળે છે.

ગળતી—શેઢીને મળે છે.

પ્ર૦ ખેડા જીલ્લામાં કયાં પ્રખ્યાત ગામો છે અને તે
શાથી તે કહો ?

ઉ૦ કપડવણજ—એમાં કાચ અને સાબુ થાયછે.

લસુંદરા—એમાં ઉના પાણીના કુંડ છે.

ડાકોર—રણછોડજીનું મોટું મંદીર તથા ગોમતી નામે
તળાવ છે એમાં દરેક પુનમે લોક જાત્રા કરવા જાયછે.

વડતાલ—એમાં સ્વામીનારાયણનું મંદીર છે અને એ-
માં ચૈતર સુદ ૯ એટલે રામનવમીએ લોકો જાત્ર જાયછે

મેહેમદાવાદ—એમાં ભમરીઓ કૂવો તથા રોજારોજી છે
એમાં અગાઉ બાસ્તો બનતો. એ પરગણામાં પારીજાતક-
નાં ફુલ થાય છે.

માતર—એમાં શ્રાવક લોકના સાચાદેવનું મંદિર છે, એ
પ્રગણામાં કસુંબી થાય છે.

દેથલી—બળીઆકાકાનું સ્થાનક છે.

લાંભવેલ—લાંભવેલા હનુમાન છે.

ઓડ—કુવા ઘણા ઉંડા છે,

ભાળજ—ઘણી જુની વાવ છે. અને તે સિધરાજની બંધાવેલી કહેવાય છે.

પીપળાવ—આશાપુરી માતા છે.

પામોલ—ફુલબાઇ માતા છે.

પાલ્લા—અહીં સાત નદીનું પાણી એકઠું થાય છે. તથા કારતકી પુનમે મેળો ભરાય છે.

પ્ર૦ ખેડા જીલ્લામાં અમદાવાદથી મુંબાઈ જતાં આવેલાં સ્ટેશનો કહો ?

ઉ૦ મહેમદાવાદ, નડીઆદ, બોરીઆવી, આણંદ, નાવલી, વાસદ.

પ્ર૦ ખેડા જીલ્લામાં આણંદથી પાલી સુધી જતાં આવેલાં સ્ટેશનો કહો ?

ઉ૦ આણંદ, ભાળજ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા, પાલી.

પ્ર૦ નડીઆદથી કપડવણજ સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

નડીઆદ, બીલોદરા, ચીણા, મહુધા, વડથલ, ભાનેર

તાલ, દાસલવાડા, કપડવણજ.

પ્ર૦ કપડવણજથી ડાકોર સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

ઉ૦ કપડવણજ, સાવલી, ચેતરસુંબા, ડાકોર.

પ્ર૦ ખેડાથી મેહેમદાવાદ સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

ઉ૦ ખેડા, છાપરા, મેહેમદાવાદ.

પ્ર૦ નડીઆદથી ખેડા સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

ઉ૦ નડીઆદ, ડભાણ, સંધાણા, વણસર, રતનપુર, ખેડા,

પ્ર૦ નડીઆદથી માતર સુધીની કાચી સડકનાં ગામ કહો?

ઉ૦ નડીઆદ, ડભાંણ, સંધાણા, માતર.

પ્ર૦ માતરથી ધોળકા સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

ઉ૦ માતર, વાસણા, બુજર્ગ, ચાંદણા, રડુ, ધોળકા.

પ્ર૦ બોરસદથી વાસદ સુધીની કાચી સડક ઉપરનાં ગામ કહો ?

ઉ૦ બોરસદ, દાવોલ, આંસોદર, વાસદ.

પ્ર૦ ખેડા જીલ્લામાં કયા કયા કસ્બાઓ છે? ર

ઉ૦ નડીઆદ, અલીણા, મહુધા, ઠાસરા, કપડવણજ, માતર, મેમદાવાદ, આણંદ, બોરસદ, ઉમરેઠ.

પ્ર૦ ખેડા જીલ્લામાં કેટલા અને કયા તાલુકા છે?

ઉ૦ સાત છે. કપડવણજ, ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ.

પ્ર૦ કપડવણજ તાલુકાનાં મુખ્ય ગામ તથા તેની નદીઓ કહો?

ઉ૦ કપડવણજ, તોરણા, છીપડી, પીઠાઈ, કઠલાલ, બાટેરા, અનાર, લસુંદ્રા, રવદાવત, અપરૂજી, બહરપુર, મીરજાપુર, સરખેજ, કાકરખાડ, રતનપુર, છીપીઅલ, શાહાપુર, કઠાણા, દઈઅપ, ફાગવેલ, અંતેસર, નવાગામ, આંતરોલી, દાસલવાડા; આંમલીઆરા, સાલોર.

નદીઓ—વાત્રક, મોહોર, વરાંસી.

પ્ર૦ ઠાસરા તાલુકાનાં મુખ્ય ગામ અને તેમાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ ઠાસરા, રસુલપુર, ડાકોર, જનોડ, પડાળ, કાળસર

., પાડીઆ, પાલીઆ, હંધાડીઆ, સાંઢેલી, સણાદ્રા, પલવાડા, આગરવા, ઢુણાદ્રા, રાણીઆ, વસો, પાલી, ાનૈયા, સોનીપુર, વનોડા, રોજવા, ખાખરીઆ, વાંઘરોળી, ચેતરસુંબા, સેવાળીઆ, બોરડી, મોરઆમલી, સુઇ, વણોતી, સીમળજ, જેસાપુર, માલવણ.

નદીઓ—મહી શેઢી, ગળતી.

પ્ર૦ નડીઆદ તાલુકાનાં મુખ્ય ગામ અને તેમાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ નડીઆદ, અલીણા, ચુણેલ, મોહોળેલ, ઉતરસંડા, ચકલાસી, નરસંડા, ડભાણ, વડતાલ, મહુધા, વડથલ, ભાનેર, ધંધોડી, ભૂમસ, હજાતીઆ, સીંધાલી, ખુટજ, મુળજ, અરેરા, દેગામ, દાવડા, બામણોલી, પીપળાતા, મિત્રાલ, આખડોલ, કેરીઆવી, મહમદપુરા, કંજરી, ફતેપુર, સલુણ, કંજોડા, સુરાસામળ, અલીંદ્રા, માંગરોલી, હીરંજ, સોડપુર, સણાલી, વીણા, હાથજ, તોરણીઆ, ખડોલનાની, સાસ્તાપૂર, ઘોઘાવાડા.

નદીઓ—શેઢી, મહોર લુંણી.

પ્ર૦ મહેમદાવાદ તાલુકાનાં મુખ્ય ગામ અને તેમાં ક-

ઇ કઈ નદીઓ આવેલી છે?

ઉ૦ મહેમદાવાદ, ખેડા, સીહુંજ, કનીજ, મહીજ, સર સવણી, રૂદણ, અકલાચા, વાંઠવાળી, વણસોલસુડા, વરસોળા, વણસોલદેવડી, ગોઠાજ, કાછઇ, છાપરા, પરસાતજ સમાદ્રા, સાંખેજ, મલાતજ, વાસણા મારગીઆ, બીડજ, લાલી રોહીસા, મોદજ, ઘોડાસર, હળદવાસ, વાણસોલી, કેસરા, સણસોલી, ખાત્રજ. માંકવા, રીછોલ.

નદીઓ—વાત્રક, શેઢી, મેશ્વા, ખારી.

પ્ર૦ માતર તાલુકાનાં મુખ્ય ગામ અને તેમાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ માતર, રડુ, લીંબાસી, ત્રાજ, સોખડા, રતનપુર, સંધાણા, રઢવાણજ, ઉઢેલા, ખડોઆલાપુરા, અલીંદ્રા, સીહોલડી, મલીઆતજ, લવાલ, ખાંધલી, માછઅલ, ત્રાણજા, દેથલી, ભલાડા, સીંજીવાડા, પરીએજ, બામણગામ, મોરજ, ખાનપૂર, આશામલી, પાલ્લા, વારસંગ, મહેળજ, કોશીઅલ, વાસણાબુજર્ગ, હરીઆલ, કાજીપૂરા, ગોભળજ, કનેરા, નવાગામ, ધરોડા, ચીત્રાસર, નાયકા, કલોલી, દેવાતજ. નદીઓ—વાત્રક, સાબરમતી.

૫૦ આણંદ તાલૂકાનાં મુખ્ય ગામ અને નદીઓ?

ઉ૦ આણંદ, નાપાડ, કરમસદ, ઓડ, સારસા, બોરીઆવી, સામરખા, ચીખોદરા, થામણા, સુંદલપૂર, વાસદ, અડાસ, વડોદ, નાવલી, ગાના, સંદેસર, વલાસણ, લાંભવેલ, અજરપૂરા, વણસોલ, પણસોરા, ઉગરેઠ, હમીદપુરા, સુરેલી, સીલી, પરતાપપુર, ખાનપુર, ખેરડા, વેહેરાખાડી, રાજાપુરા, ભોજકુવા, મોગર, બેડવા. રાસનોલ, કુંજરાય, તરણોલ, ગામડી, કાસર, ભાળજ, આસીપુરા, લીંગડા, ખંભોળજ, ભરોડા. નદીઓ—મહી.

પ્ર૦ બોરસદ તાલુકાનાં મુખ્ય ગામ અને તેમાં કઇ કઇ નદીઓ આવેલી તે?

ઉ૦ બોરસદ, આંકલાવ, ભેટાસી, વીરસદ, અલારસા, રાસ, દાવોલ, દેહેવાણ, સુણાવ, પીપળાપ, પાળજ, ઇશામા, ભવાનીપુરા, આમોદ, પંડોળી ખડાણા, દતેલી, વડદલા, બામણવા, ખટનાલ, રાળજ, જંત્રાલ, બનેજડા, કઠાણા, કનકાપુર, દીવેલ, ગાજણા, રાંખીઆડ, ઉમેટા, આશરમા, કહાનવાડી, અંબાલી, કંથારીઆ, મોજકુવા, બોદાલ, બોચાસણ, ડભાસી, વહેરા, દેદરડા, આસી ધોળા-

કુવા, નાહાપા, સીગળાવ, ામોલ, ખેડાસા, વા૬ સાહીજપુર, સાલોર, ઇસણાવ, પોરડા. નદી—મહી.

પ્ર૦ દરેક તાલુકાવાર દિશાનું વર્ણન કરો ?

ઉ૦ કપડવણજ એની ઉત્તરે ગાયકવાડનું રાજ્ય, વાડાશીનોર, ઠાસરા તાલુકાનો થોડોક ભાગ; પશ્ચિમે ૨ મદાવાદ જીલ્લો, ગાયકવાડનું રાજ્ય અને મેહેમદાવાદ તા-લુકો; દક્ષિણે મહેમદાવાદ, નડિઆદ અને ઠાસરા તાલુકો. ઠાસરા તાલુકાની ઉત્તરે કપડવણજ તાલુકો અને વાડાશીનો-ર; પૂર્વે ગાયકવાડનું રાજ્ય ને મહી નદી; પશ્ચિમે નડીઆદ તાલુકો; દક્ષિણે આણંદ તાલુકો અને મહીનદી નડીયાદ તા-લુકાની ઉત્તરે કપડવણજ તાલુકો; દક્ષિણે ગાયકવાડનું રા-જ્ય, બોરસદ, આણંદ તાલુકો પૂર્વે ઠાસરા તાલુકો; પ-શ્ચિમે મહેમદાવાદ તાલુકો તથા માતર તાલુકો; મહેદાવાદ તાલુકો એની ઉત્તરે અમદાવાદ જીલ્લો, ગાયકવાડનો મુલક ને થોડોક કપડવણજ તાલુકો; પશ્ચિમે માતર તાલુકાનો થોડો ભાગ ને અમદાવાદ જીલ્લો; દક્ષિણે માતર તાલુકો ને નડીયાદ તાલુકાનો થોડોક ભાગ. પૂર્વે નડીઆદ તાલુકો. માતર તાલુકાની ઉતરે અમદાવાદ જીલ્લો અને મેહેમદા-

લુકો; પુર્વે ગાયકવાડનુ રાજ્ય અને નડીઆદ તા-
શ્ચિમે અમદાવાદ જીલ્લો, સાબરમતી નદી અને
તનું રાજ્ય; દક્ષિણે ખંભાતનું તથા ગાયકવાડનું રા-

આણંદ તાલૂકાની ઉત્તરે હાસરા તાલૂકો અને નડીઆ-
દ તાલુકો; પુર્વે મહી નદી ને ગાયકવાડનુ રાજ્ય; પશ્ચિમે
નડીઆદ તાલુકો તથા બોરસદ તાલુકાનો થોડોક ભાગ
અને ગાયકવાડનું રાજ્ય; દક્ષિણે બોરસદ તાલુકો.

બોરસદ તાલુકાની ઉત્તરે આણંદ તાલુકો, ગાયકવાડનું
રાજ્ય; પુર્વે મહી નદી, ગાયકવાડનું રાજ્ય; પશ્ચિમે ગાય-
કવાડનું રાજ્ય, ખંભાતનો અખાત; દક્ષિણે મહી નદી અ-
ને ભરૂચ જીલ્લો.

સમાપ્ત.